

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*કુદરતી આપત્તિ નો'તી ઈ તો અમે ફેલાવી છે,*
*કોરોના મહામારી અમે મહામહેનતે રેલાવી છે,*
*ચૂંટણી પ્રચારને સન્માનોથી બહેલાવી ખૂબ -*
*બોળીનું ખેતર સમજી જિંદગીઓ ભેલાવી છે.*

**હાઈકુ**

*પંચતારક -*
*હોટેલ-રેસ્ટોરંટો*
*કેમ બાંધીએ?*
*(પૈસા નથી)*

*ચણતર છે*
*વળતર માટે તો*
*પૈસા છે જ ક્યાં ?*

### ચિંતન

***વખત કહો અરૂ ભાગ્ય કહો, કહો નસીબ નિરધાર,***
***હઝાર નામ 'મન' કે ધરો, 'મન' હી સરજન હાર ॥***

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ક્યારેક સંજોગો પ્રતિકૂળ આવે, આપણું ઈચ્છેલું કે ધારેલું કંઈ કામ ન થાય. જે કંઈ કરો તેમાં નિષ્ફળતા જ મળે. ગમે તેટલા પ્રયત્ન કરવા છતાં તમને ગમતું કાર્ય પાર ન પડે ત્યારે આપણે સૌ કહીએ છીએ કે હું કમનસીબે જ છું. અત્યારે મારો સમય ખરાબ ચાલે છે. ભાગ્ય મારી તરફેણમાં નથી એટલે સિદ્ધિ મારાથી દૂર ભાગે છે.

આવું વિચારતા આપણને કબીર કહે છે કે 'હે મનુષ્ય! વખત, નસીબ કે ભાગ્ય જેવું કંઈ છે જ નહીં. આવી ખોટી ભ્રમણમાંથી બહાર આવી જા ! જે કંઈ છે તે મનની જ પેદાશ છે. મનમાં સારા વિચારો હોય તો સારા બાહ્ય પદાર્થો પ્રત્યે આપણું મન આકર્ષિત થાય છે અને તે સારી વસ્તુ આપણને પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે ખોટાં અને ખરાબ વિચારોનું ફળ પણ તેવું જ મળે છે માટે ભાગ્યને અને સમયને દોષ દેવાને બદલે તમારા મન પર કાબૂ રાખીને તેને સારા વિચારો દ્વારા સાચા માર્ગે વાળો.'

### સુવિચાર

- સડક પરથી નીકળતા રહે છે વરઘોડા અને સ્મશાનયાત્રા અને
  છતાં સડકને નથી હોતો કોઈ હરખ કે શોક - **જીવનપાથેય**
- સચ્ચાઈ વહ દિયા હૈ જિસે અગર પહાડ કી ચોટી પર ભી રખ દો તો બેશક રોશની
  કમ કરેં પર દિખાઈ બહુત દૂર સે ભી દેતા હૈ - **જનાર્દન તિવારી**
- ખુશી પહેલે તબક્કે કયાં મળે છે? ધક્કા ખાવા પડેછે ધીરજના !! - **ફુલછાબ**
- કિનારાની તો ખાલી ખોજ છે અહીં, બાકી જીવવાની મોજ તો મદધરિયે જ છે!! - **એસ. ભટ્ટાચાર્ય**
- પવન અને માણસમાં એક વસ્તુ સમાન છે, કયારે ફરી જાય ખબર જ ના રહે - **મૃગાંક શાહ**
- આંખોનું ઉઘડવું, નસીબથી વહેલા જોયું, ઉઠ્યા પહેલાનું સપનું સૂતા પહેલાં જોયુ - **હેત પંડ્યા**
- આજનું ઔષધ : કેવડાના મૂળ ત્રણ ગ્રામ, એકસો મિલિ દૂધમાં ઉકાળીને ખડી સાકર ઉમેરી સાત દિવસ સુધી સવાર-સાંજ પીવાથી લોહીવામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્વામી રામતીર્થ તેમના પૂર્વાશ્રમમાં પ્રોફેસર તીર્થરામ હતા. તેઓ લાહોરની કૉલેજમાં ભણાવતા હતા. એકવાર તીર્થરામ ઘરે આવી રહ્યા હતા ત્યારે એક લીંબુ વેચનારને જોયો અને એમની જીભે કહ્યું, 'સરસ લીંબુ છે. લીંબુ ખાવામાં શું વાંધો છે?' તીર્થરામ આગળ ચાલ્યા પણ જીભે ફરી કહ્યું, 'લીંબુ સરસ છે તો ખાવામાં મજા આવશે.' તીર્થરામે જીભની વાત સાંભળી બે લીંબુ લઈ ઘરે આવ્યા અને ચપ્પુ લઈ લીંબુ પાસે બેઠા. ભીતરથી અવાજ આવ્યો. 'હવે લીંબુ કાપો, કાપવામાં શી હાનિ છે?' તીર્થરામે ચપ્પુથી લીંબુ કાપ્યું. મોઢામાં પાણી ભરાઈ ગયું. અંદરથી ફરી પ્રેરણા થઈ 'એને ચાખી જુઓ એમાં ખાટો સરસ રસ છે.' તીર્થરામે એક ફાડીયું લીબું જીભ પાસે લઈ ગયા. લીંબુને જીભ સુધી અડવા ન દીધું. અંદરથી કોઈએ પોકારીને કહ્યું, 'શું તું આ જીભનો દાસ છે?' આ જીભ જે કહેશે તે જ તું કરશે? જીભ તારી છે, તું જીભનો નથી.' પત્નિએ આ અસંજમસ જોઈને કહ્યું, 'આ શું કરો છો? લીંબુ લાવ્યા, કાપ્યા, હવે ખાતા કેમ નથી?'

તીર્થરામ જલદી ઊભા થયા, કાપેલાં અને નહીં કાપેલા ડસ્ટબીનમાં ફેંકી દીધા. અને પ્રસન્નતાથી નાચવા લાગ્યા. ઈન્દ્રિયોને વશ કરવાનો આ વિધિ છે.

# ગુજરાત દારૂબંધીને વળગી રહેશે

**તંત્રીસ્થાનેથી...**

દારૂબંધીનો વિરોધ અને તરફેણ કરનારાઓની ગાંધીના ગુજરાતમાં કમી નથી. વિડંબના એ છે કે દારૂબંધી ફક્ત ગાંધીના ગુજરાતમાં અને મહારાષ્ટ્રના 'ગાંધી જિલ્લા' તરીકે ઓળખાતા વર્ધા પૂરતી સીમિત થઈ ગઈ છે. બીજાં રાજયોએ અખતરા કરી જોયા પણ સરવાળે મીંડુ જ વળ્યું છે. દારૂ એ માનવ જાતની ઉત્ક્રાંતિનું જ એક ચરણ છે. આદિમાવને જુદાં જુદાં ફળ, અનાજ વગેરેના કોહવાટનો ટેસ્ટ કરવાનું મન થયું હશે કારણ કે એ કોહવાટની પણ એક આગવી સુવાસ હોય છે. ગાંધીજીને એ દુર્ગંધ લાગે પણ દુનિયાના નવ્વાણું પોઈંટ નવ્વાણું ટકા મહાપુરુષોને એની ગંધ મસ્તીથી તરબતર કરતી લાગતી રહી છે. આપણે 'દવા' શબ્દની સાથે અચૂક 'દારૂ' જોડીને બોલીએ છીએ. 'દવાદારૂ' નો અર્થ જ એ કે દારૂ મૂળે તો દવાના ગુણધર્મો ધરાવતું પેય છે અને મોટાભાગના લોકો એના એ ગુણધર્મોથી જ અજાણપણે આકર્ષાતા રહ્યા છે. દારૂ મગજના તણાવને વખત પૂરતો શાંત કરે છે. એ દુઃખદર્દ ભુલાવનારી કુદરતી દવા છે જેનું પ્રિસ્ક્રિપ્શન લખાવવા મોંઘી ફી ભરીને દાકતરો પાસે જવું નથી પડતું. હિંદુસ્તાનના ગુજરાત અને 'ગાંધી જિલ્લા' સિવાયના એકેએક ગામના સીમાડામાં દેશી દારૂના 'ઠેકા' વાળી દુકાનો જોવા મળશે. જેમને દેશીનો ચસકો લાગે છે એને મોંઘીદાટ વિદેશી વ્હિસ્કી પણ ફિક્કી લાગે છે. પ્યોર મહુડાની 'કિક' તો જેણે માણી હોય એ જ જાણે છે. એ અનુભૂતિનો વિષય છે જે એસી બેડરૂમમાં કે ફાર્મહાઉસોની કોકટેલ કરતાં હજાર ગણો આનંદ આપે છે. આ આનંદ તો કોઈ વિજયનગરનો વનવાસી માણે છે કે ઝારખંડ જેવા અંતરિયાળ વિસ્તારનો ઝૂંપડાવાસી જાણે છે. કૃષ્ણભક્તિનો આનંદ કોઈ નરસૈંયો ભોગી કે જટાળો જોગી જ અનુભવી શકે એમ આ મદિરાપાનની લિજ્જત ગાંડી ગુજરાતના ગજા બહારની બાબત છે. પરંતુ ગાંધી પણ ગાંડા તો નહોતા. એમને આઝાદીની ચળવળ કરતાં પણ નશાબંધી અને અસ્પૃશ્યતા નિવારણ જેવા મુદ્દાઓને અગ્રતાક્રમે મૂક્યા હતા એન બહુ જ ઊંડા હૃદયમંથનને અંતે મૂક્યા હતા. દારૂબંધીનો એમને કહેવાતો 'દુરાગ્રહ' એમના જ પઢાવેલા કોંગ્રેસી પોપટ સત્તાધીશ બનતાવેંત ભૂલી ગયા કારણ કે સત્નો નશો દારૂના નશાથી પણ મોટી 'કિક' મારે છે. ગરીબ પરિવારનો કમાતો માણસ આખા દિવસની મજૂરી દારૂની કોથળી પાછળ ઉડાવી દે અને નબળો માટી બૈયરી પર સૂરો - એ મુજબ બિચારી રોટલા કરનારીને ઝૂડી નાખે એ ગાંધીથી જીરવાતું નહોતું. એટલે એમણે છડેચોક છડી પોકારીને કહ્યું હતું કે મને જો 'લીંબુ ઉછાળ સમય' પૂરતી પણ સત્તા મળે તો હું સૌથી પહેલું કામ દારૂના દૈત્યને દેશવટો આપવાનું કરું. એમની એ મંશા અંશતઃ ગુજરાત પૂરતી ફળી ગણાય કારણ કે આઝાદી પછીના સમયગાળામાં ગુજરાત મુંબઈ રાજયનો ભાગ હોવા છતાં અહીં પ્રખર ગાંધીભક્ત મોરારજી દેસાઈ અને ઢેબરભાઈ જેવા નેતાઓનો પડ્યો બોલ ઝિલાતો હતો. કાળક્રમે ગુજરાતના કડક કાયદામાં પાછળે બારણે છૂટછાટો અપાતી રહી. ગુજરાત સરકાર દારૂબંધીના કાયદાને કારણે પ્રવાસનક્ષેત્રે પાછળ રહી ગયું છે એની પણ પ્રતીતિ થઈ. હમણાંથી લઠ્ઠાકાંડ જેવી દુર્ઘટનાઓ નથી સાંભળવા મળી પણ નબીરાઓ આરામથી દારૂની પાર્ટીઓ કરતા રહે છે અને પીનારાને કોથળીથી માંડી ટોપ બ્રાન્ડનો દારૂ સહેલાઈથી મળતો રહે છે. અબજો રૂપિયાની આવક ગુમાવીને ગુજરાત દારૂબંધીના કાયદાને 'ઑન પૅપર' અમલી બનાવતું હ્યું છે. જો કે પિનારા તો પીને જ જંપે છે. અમૃત ઘાયલ કે ચિનુ મોદી જેવા શાયરોને એ વગર કળ વળતી નહોતી. સરકારે હેલ્થ પરમિટના નામે અને પ્રવાસી ભારતીયોની અનુકૂળતા મુજબ કાયદામાં છૂટછાટો આપી જ છે. પરંતુ એને નિરસ્ત કરવાની હિંમત કોઈ કરી શક્યું નથી. શંકરસિંહ વાઘેલાએ એ મુદ્દે લોકમત ઊભો કરવાનો પ્રયાસ કરી જોયો અને પ્રખર કોંગ્રેસી નેતા ઝીણાભાઈ દરજી તો છડેચોક દારૂબંધી ઉઠાવી લેવાની વાતો કરતા રહ્યા પણ ગુજરાત ગાંધીના પડછાયાનું માન જાળવી મૌન રહ્યું છે. રાજય સરકારના એડવોકેટ જનરલે આ મુદ્દે કશું કહેવાનો હાઈકોર્ટને પણ અધિકાર નહી હોવાની દલીલ કરી ચૂક્યા છે તે સૂચક છે.

# નારીમાત્ર ગાયત્રીનું સ્વરુપ છે



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

જે રીતે 'વિષ્ણુસહસ્રનામ' છે; એની જેમ 'ગાયત્રી સહસ્રનામ' પણ છે. એની કેટલીક વિશેષતા છે :

(૧) એના પ્રવક્તા ભગવાન વિષ્ણુ છે; શ્રોતા દેવર્ષિ નારદ છે.

(૨) ખરેખર, આમાં ૧૦૦૮ નામો છે. ભારતીય પરંપરામાં, ૧૮, ૧૦૮, ૧૦૦૮ આ બધા અંકોનું મહત્ત્વ છે.

(૩) આ બધાં નામો અકરાધિક્રમે મહદંશે અપાયેલાં છે.

આમાંનાં કેટલાંક અહીં આપેલાં છે :

(૧) અદિતી, અમાવસ્યા, આદિત્યપરિસેવિતા, ઈન્દિરા, ઉમા, ઋગ્વેદા, એકાક્ષરા = ૐ, ઐન્દ્રી = ઈન્દ્રાણી, ઔષધિ.

(૨) કાત્યાયાની, કાલિકા, કાલિંદી = યમુના, કૃષ્ણા.

(૩) ખેચરી = આકાશમાં ગતિવાળી, ખલઘ્ની = દુષ્ટને સંહારનારી, ખ્યાતા.

(૪) ગંગા, ગોમતી, ગીતા, ગાંધારી, ગૌતમી.

(૫) ઘંટા, ઘંટારવપ્રિયા = ઘંટનો અવાજ એને ગમે, ઘનવેગિની.

(૬) જ્ઞાનધાતુમયી = જ્ઞાનને ધારણ કરાવતી.



(૭) ચતુર્ભુજા = ચાર હાથવાળી, ચંદ્રિકા, ચંદ્રમંડળ, મધ્યસ્થા = ચંદ્રમંડળમાં રહેલી. ચોદયિત્રી = સારી પ્રેરણા આપનારી, ચૌરવિનાશિની.

(૮) છત્રેશ્વરી = છત્રને ધારણ કરતી દેવી.

(૯) જનની, જાતવેદા = પ્રાણી માત્રને જાણનારી, જાનકી, જરા = વૃદ્ધાવસ્થા, જગત્ત્રય, હિતૈષિણી = ત્રણેય જગતમાં સૌ કોઈનું હિત ઈચ્છતી.

(૧૦) ઝંઝામારુતવેગિની = વાવાઝોડા જેવી ગતિવાળી.

(૧૧) ટંકારકારિણી દેવી = ધનુષ્યનો ટંકાર કરનારી.

(૧૨) ડિમ્ભા = નાની બાલિકા.

(૧૩) તેંત્રી, ત્રિજટા, ત્રિપદા.

(૧૪) દુર્ગા, દેવયાની, દ્રૌપદી.

(૧૫) ધનુર્વેદવિશારદા, ધાત્રી.

(૧૬) નર્મદા, નારાયણપ્રિયા, નારી.

(૧૭) પરબ્રહ્માત્મિકા, પુરાણી, પૂર્ણિમા, પૌત્રી.

(૧૮) ફલદા = ફળ આપનારી.

(૧૯) બલભદ્રપ્રિયા, બુદ્ધિ.

(૨૦) ભવાની, ભદ્રકાલિ, ભાષા, ભૂવનેશ્વરી.

(૨૧) માતા, મેદિની = પૃથ્વી, મેનકાત્મજા = શકુંતલા, મંદોરરી.

(૨૨) યાત્રા, યામિની = રાત્રી, યુદ્ધ મધ્યસ્થા.

(૨૩) રમણી, રુક્મિણી, રેણુકા, રેવતી, રોહિતણી, રોહિતી, રંભા.

(૨૪) લજ્જાધિદેવતા, લજ્જા, લક્ષ્મી, લલના.

(૨૫) વર્ષા, વારુણિ, વિષ્ણુમતી, વૈકુંઠનિલયા.

(૨૬) શબરી, શારદા, શિવા, શ્રીમતી.

(૨૭) ષણ્મુખપ્રિયકારિણી = કાર્તિકેયની માતા.

(૨૮) સામગાનપ્રિયા, સાવિત્રી = સૂર્યમાં સ્થાન પામેલી.

(૨૯) ક્ષમા, ક્ષૌમવસ્ત્ર પરીતાંગી = શ્વેતવસ્ત્ર ધારણ કરતી.

જેમ સુદ અગિયારસ ભગવતી ગાયત્રીનાં પ્રાગટ્યની તિથિ છે. ગાયત્રી જયંતિ છે. એ નિમિત્તનાં એમને પ્રમાણ.

# સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલ ફાંસીની સજા માફ કરવાની સત્તા કોની પાસે છે?



**ખજાનો**
અનિલ પટેલ

### ભારતનું બંધારણ

૧ રાજયસભાના ચેરમેન તરીકે કોણ હોય છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) પ્રધાનમંત્રી
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) ગૃહપ્રધાન

૨ કોઈ પણ ખરડો નાણા ખરડો છે કે નહીં તે કોણ નક્કી કરે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) નાણાપ્રધાન (ડ) સ્પીકર

૩ ગૃહસભા માટે ફીની દરખાસ્ત લાવવા ઓછામાં ઓછા કેટલા સભ્યોની સંમતિ જરૂરી છે?
(અ) ૩૦ સભ્યો (બ) ૫૦ સભ્યો
(ક) ૪૦ સભ્યો (ડ) ૬૦ સભ્યો

૪ નાણા ખરડો લોકસભામાંથી આવ્યા પછી કેટલા સમયમાં રાજય સભાએ પસાર કરવો પડે-છે?
(અ) ૨૧ દિવસ (બ) ૧૫ દિવસ
(ક) ૧૦ દિવસ (ડ) ૧૪ દિવસ

૫ બંધારણની ત્રીજી સંયુક્ત બેઠક કઈ બાબત માટે મળી હતી ?
(અ) બેંક બિલ (બ) ટાડા બિલ
(ક) પોટા બિલ (ડ) મહિલા અનામત

૬ બંધારણની કલમ ૨૩-૨૪ કયો અધિકાર દર્શાવે છે?
(અ) શોષણનો વિરોધ (બ) સ્વતંત્રતા
(ક) શિક્ષણ (ડ) વાણી સ્વતંત્રતા

૭ બંધારણની કઈ બાબત બંધારણનો ભાગ નથી ?
(અ) મૂળભૂત ફરજો (બ) આમુખ
(ક) વાણી સ્વતંત્રતા (ડ) મૂળભૂત હક્કો

૮ રાજયના વહીવટી વડા કોણ છે?
(અ) મુખ્યમંત્રી (બ) રાજયપાલ
(ક) સ્પીકર (ડ) ગૃહમંત્રી

૯ કેન્દ્રીય જાહેર સેવા આયોગની સ્થાપના કઈ સાલમાં થઈ?
(અ) ૧૯૨૪ (બ) ૧૯૨૬
(ક) ૧૯૨૮ (ડ) ૧૯૩૦

૧૦ સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલ ફાંસીની સજા માફ કરવાની સત્તા કોની પાસે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) સંસદ (ડ) વડા ન્યાયમૂર્તિ

૧૧ રાષ્ટ્રપતિના રાજીનામાની જાણ ઉપરાષ્ટ્રપતિ કોને આપે છે?
(અ) પ્રધાનમંત્રીને (બ) લોકસભાના સ્પીકરને
(ક) સર્વોચ્ચ ન્યાયમૂર્તિને (ડ) ગૃહમંત્રીને

૧૨ નીચેનામાંથી કોણ મંત્રીમંડળનું કદ નક્કી કરે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) સ્પીકર
(ક) વડાપ્રધાન (ડ) સંસદ

૧૩ નીચેનામાંથી કયો વિષય રાજયની યાદીમાં આવતો નથી?
(અ) શિક્ષણ (બ) ઉર્જા
(ક) સરકાર (ડ) વિદેશી સંબંધો

૧૪ રાજયના પ્રથમ સનદી સેવક કોણ છે?
(અ) મુખ્ય સચિવ (બ) સંયુક્ત સચિવ
(ક) કલેકટર (ડ) રાજયપાલ

૧૫ બંધારણીય સભાના કુલ સભ્યોમાં રજવાડામાંથી કેટલા બન્યા હતા?
(અ) ૯૩ (બ) ૧૦૫
(ક) ૮૭ (ડ) ૧૨૬

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૫ જૂન :
  - ભારતના આઠમા વડાપ્રધાન વી.પી. સિંહનો જન્મદિવસ (૧૯૩૧)
  - ભારતના છેલ્લા વાઈસરોય લૂઈ માઉન્ટ બેટનનો જન્મદિવસ (૧૯૦૦)
  - ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયાના યુદ્ધમાં સંયુક્ત રાષ્ટ્રે સાઉથ કોરિયાને ટેકો જાહેર કર્યો (૧૯૫૦)
  - મશહૂર સ્પેનિશ આર્કીટેક એન્ટોની ગૌડીનો જન્મદિવસ (૧૯૫૨)
- ૨૬ જૂન :
  - યુનિવર્સલ પ્રોડક્ટ કોડની શરૂઆત થઈ (૧૯૭૪)
  - દુબઈ ખાતે આવેલ ૫૫૩ મીટર ઊંચા સી.એન. ટાવરને પબ્લિક માટે ખુલ્લું મુકાયું (૧૯૭૬)
  - ૨૦ વર્ષ સુધી સતત બોક્સિંગ કરનાર ખેલાડી મુહમદ અલીએ નિવૃત્તિ લીધી (૧૯૭૯)
  - અમેરિકન મોશન પિકચર એક્ટર પિટર લોરેનો જન્મદિવસ (૧૯૦૪)
- ૨૭ જુન :
  - પંજાબના હિંદ રણજિતસિંહનું અવસાન (૧૮૩૯)
  - પુરુષ સમોવડી ગુજરાતી નારી સુમતિ મોરારજીનું નિધન (૧૯૯૮)
  - યુકેની લેબર પાર્ટીના રાજકીય નેતા ગોર્ડન બાઉન યુકેના પ્રાઈમ મિનિસ્ટર બન્યા (૨૦૦૭)
  - અમેરિકન બિઝનેશમેન રોસ પેરોટ ૧૯૯૨થી ૧૯૯૬ અમેરિકન પ્રેસિડેન્ટ રહ્યા તેમનો જન્મદિવસ (૧૯૩૦)
- ૨૮ જૂન :
  - સહજાનંદ સ્વામીની જન્મજયંતિ (૧૮૩૦)
  - પૂર્વ વડાપ્રધાન નરસિંહ રાવનો જન્મદિવસ (૧૯૨૧)
  - લુપ્ત થતી જાતિઓની યાદીમાં 'બાલ્ડ ઈગલ'ને અમેરિકાએ બાકાત કર્યું (૨૦૦૭)
  - કેનેડિયન એક્ટિવિસ્ટ ટેરીફોક્સ ૨૨ વર્ષની ઉંમરે અવસાન પામ્યો (૧૯૮૭)
- ૨૯ જૂન :
  - મશહૂર સાહિત્યકાર અને નાટ્યકાર વિલિયમ શેક્સપિયર એનું હેનરીના શો બાદ લંડનનું મશહુર ગ્લોબલ થિયેટરમાં આગ લાગવાથી નાશ પામ્યું. (૧૬૧૩)
  - પૂર્વ શ્રીલંકન રાષ્ટ્રપ્રમુખ ચંદ્રિકા બાંદરાનાઈકે કુમારતુંગાનો જન્મદિવસ (૧૭૫૮)
  - સંતવાણીના સમ્રાટ નારાયણ સ્વામીનો જન્મદિવસ (૧૯૩૮)
  - ઈંગ્લીશ કવિયીત્રી એલિઝાબેથ બેરેટ બ્રાઉનિંગનું ૫૫ વર્ષની ઉંમરે અવસાન થયું (૧૮૬૧)
- ૩૦ જુન :
  - હિંદના દાદા ના હુલામણા નામથી મશહુર દાદાભાઈ નવરોજીનું નિધન (૧૯૧૭)
  - પૂર્વ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ-જોંગ ઉન સાથે બેઠક યોજી (૨૦૧૯)
  - નેશનલ ઓર્ગેનાઈજેશન ઓફ હ્યુમનની સ્થાપના થઈ, બ્રેફી ફ્રીડેન પ્રથમ પ્રમુખ બન્યા (૧૯૬૬)
  - વિશ્વનો પ્રથમ ઈમર્જન્સી નંબર ૯૯૯ લંડનમાં લોન્ચ થયો (૧૯૩૭)
- ૧ જુલાઈ :
  - વેલ્સની રાજકુમારી ડાયનાનો જન્મદિવસ (૧૯૬૧)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતમાં બાસુરી વાદન હરિપ્રસાદ ચૌરસિયાનો જન્મદિવસ (૧૯૩૮)
  - ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટની સ્થાપના થઈ (૨૦૦૨)
  - અમેરિકા, યુકે, જેવા ૫૯ જેટલા દેશોએ ન્યુક્લિઅર માટેનો ઉપયોગ પર નિયંત્રણ માટે સહીઓ કરી (૧૯૬૮)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં પશ્ચિમ બંગાળના બીજેપીના કયા નેતા તૃણમૂલ કોંગ્રેસમાં પાછા ફર્યા ?

જવાબ : મુકુય રોય

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**


(૧) નાનુભાઈ વાણોદા (સે-૫) (૨) રુજિત રાવલ : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ.સા. કૉલેજ (૬) પરાગ પટેલ : પેથાપુર (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) કે.કે પટેલ : સરગાસણ

**આ સપ્તાહનો સવાલ**

કયા પૂર્વ આઈએએસ અધિકારને ઉત્તરપ્રદેશમાં ભાજપાના ઉપાધ્યક્ષ બનાવાયાં છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'ન્યૂઝ'માં નવાજૂની!



**હળવે હૈયે**
પ્રકાશ લાલા

'તમે આ ન્યૂઝ વાંચ્યા?' અમારા ઓટલે બેસી, અમારી જ ચાનો ઘૂંટડો ભરતાં ભરતાં, અમારા જ ન્યૂઝ પેપરમાં નજર ફેરવી રહેલા લાલાકાકાએ અમને જ પ્રશ્ન કર્યો. કાકાશ્રી, ન્યૂઝ પેપરમાં નંબર ઓફ ન્યૂઝ આવે છે એટલે તમે કયાં ન્યૂઝ વિશે પૂછો છો તે કેમ ખબર પડે ? 'યાર, હું આ નાનકડા પણ ગમ્મત પડે એવા ન્યૂઝની વાત કરું છું...' કહેતાં રેડ અંકલે અમારા ઘરની 'રેડ લેબર ટી' નો છેલ્લો ઘૂંટડો મોંમાં પધરાવ્યો અને પછી 'ફૂલ ચાર્જ' થઈ જઈને બોલ્યા : 'તમારી વાત સાચી છે પનુભાઈ. આમ તો અખબારમાં આજકાલ 'કોરોનાના ઘટતા કેસ અને બીજી લહેર અંત તરફના આનંદ રાહત આપે એવા અને 'ત્રીજી લહેર આવશે'ના મોકાણના - ચિંતાના સમાચાર હોય છે.' મંત્રીશ્રીઓના 'આમ કરી નાખીશું... તેમ નહીં થવા દઈએ 'એવાં નિવેદનો વાંચવા મળે છે.' 'અને, વીજળીના ધાંધિયા, રસ્તા ધોવાઈ ગયા - ભૂવાએ પોલ ખોલી', સરકારી મોટી મોટી જાહેરાતો છતાં પીડિતોને મદદ પહોંચી નથી. કે 'મોર્ડન ગઠિયાઓ ઓટીપી જાણી લઈ, વેપારી કે વિધવાના બેંક ખાતામાંથી મોટી રકમ સાફ કરી ગયા.' અથવા 'વસાહતોમાં આખલા, નીલગાય પછી વાંદરાઓનો ત્રાસ : પાંચને કરડી ખાધા.' વગેરે વગેરે ન્યૂઝ પણ હોય છે જ ને?

'હા... વળી, દેશનો આર્થિક વિકાસ મંદ છતાં શેર માર્કેટમાં તેજી' ના સાવ વિરોધી લાગેએવા 'માર્કેટ ન્યુઝ' પણ છપાય છે... પણ તમે આ ન્યૂઝ ના વાંચ્યા? 'રેડઅંકલની ગાડી ફરી ફરીને પાછી ત્યાં જ આવીને થાકી.' 'ક્યા?' અમે અકળાઈને પૂછ્યું :

'અરે, આ .... રાજયકક્ષાના વનમંત્રીશ્રીએ વનમહોત્સવ પ્રસંગે કરેલ વૃક્ષારોપણનો છોડ બકરી ખાઈ ગઈ...' એ !' 'હેં ?'

'હા... પનુભાઈ, બાકી બકરીની બહાદુરી અને નાના જીવની ઊંચી પસંદગીને દાદ તો દેવી પડે, હોં!' 'એટલે ?' 'ના સમજ્યા?' અરે, વન મંત્રીશ્રીએ જ વાવેલ છોડ ખાઈ જવા હિંમત જોઈએ અને બીજા આલતું ભાલતું છોડપાનને બદલે ખાસ વનવિભાગે ઉછેરેલા, મંત્રીશ્રીના વરદહસ્તે વૃક્ષારોપણ માટે સીલેક્ટ કરીને લાવેલા છોડને જ જમી જાય તે પેલી બકરીની પસંદગીનું 'હાઈસ્ટાન્ડર્ડ' બતાવે છે કે નહીં?

'યસ અંકલ....પણ વાતને જરા બીજી નજરે જુઓ... આ ઘટના તો આપણા રાજય માટે સારી વાત કહેવાય... મંત્રીશ્રીએ ભૂખી બકરીને ચારો પૂરો પરાડ્યો... બિહારના ભૂ.પૂ. મુ. મંત્રીશ્રીની માફક બકરીઓ - પશુઓનો ચારો 'ઓહિયા' નથી કરી ગયા ને.... 'હં.... બાત મેં હૈ દમ...' 'હાસ્તો...'

'શું હાસ્તો ? એટલે પનુભાઈ, પેટ્રોલ-ડિઝલના વધતા જતા ભાવ વાહનોના વપરાશ પર નિયંત્રણ લાવી, પ્રદૂષણ ઘટાડવા માટે છે' એવું પોઝિટિવ વિચારવાનું ? ચીજવસ્તુના મોંઘવારી આપણને ચલાવી લેતાં ને કરકસરથી રહેવાના પાઠ શીખવે છે એમ મન મનાવવાનું ?'

'હા.. વળી!' 'બસ હોં, પનુભાઈ... એટલા બધા પોઝિટિવ નથી થવું આપણે...'

'ઓ.કે. અંકલ, મંત્રીશ્રીએ આ બનાવ પછી વનવિભાગ સામે અને વનવિભાગે બકરી સામે કોઈ પગલાં લીધાના અહેવાલ હજી સાંપડ્યા નથી ને!'

'ના... પણ જો પગલાં - લેવાય તો સરકારી રાહે કેવાં હોય, ખબર છે? આ અહેવાલને રદિયો આપતી (ખોટી) અખબારી સ્પષ્ટતા ઈસ્યુ થાય કે 'આ અહેવાલ પાપા વિનાના અને સત્યથી વેગળા છે... બકરી મંત્રીશ્રીના હસ્તે વવાયેલ નહીં પણ બીજો એક છોડ આવી ગઈ હતી. મંત્રીશ્રીના હસ્તે રોપાયેલ છોડ સુરક્ષિત છે અને તેની સલામતીની જાળવણી માટે 'ટ્રી ગાર્ડઝ' ની આજુબાજુ બે ગાર્ડઝ મૂકાયેલા હોવાથી ભવિષ્યમાં પણ બકરી કે કોઈ પ્રાણી દ્વારા છોડ ચરી જવાનો સંભવ નથી...'

અથવા તો 'ભૂખી બકરીનું દુઃખ જોઈ, વ્યથિત થઈ ગયેલા મંત્રીશ્રીએ જાતે જ એમનો છોડ બકરીને ખવડાવી દીધેલો. એ સંતૃપ્તને સંતુષ્ટ થઈને જતી રહી પછી મંત્રીશ્રીએ ત્યાં બીજો જોડ સ્વહસ્તે રોપીને વન મહોત્સવ ઊજવાઈ હતો... આ બીજો છોડ સલામત છે...'

રેડ અંકલની વાત સાંભળી અમે હસ્યા. ત્યાં લાલાકાકા છાપું અમારી સામે ધરી દઈ ઓલ્યા : 'અને આ કોરોના - લોકડાઉનથી કંટાળેલા લોકોએ શનિ-રવિની રજામાં આવ્યું - પાવાગઢ - સાપુતારા, અંબાજી વગેરે સ્થળોએ પહોંચી જઈ ભારે ભીડ કરી નાખી એના ફોટા ને ન્યૂઝ જોવાને ? આને શું કહેશો ?'

'અંકલ, તમે ક્રિકેટ મેચમાં બોલને બરાબર ટાઈમિંગ ગોઠવી, ફિલ્ડર્સની વચ્ચેથી બાઉન્ડ્રી પર મોકલી દેતા કુશળ બેટ્સમેનને રમતો જોયો હશે જ...'

'હા.... પણ એનું અહીં શું છે તે !'

'સમજાવું....કોરોનાની બીજી લહેરના અંત અને ત્રીજીના પ્રારંભની વચ્ચેનો તાડકો - ટાઈમીંગ બરાબર 'એડજેસ્ટ' કરીને, શનિ-રવિમાં પિકનિક, પ્રવાસે ફરવા નીકળી પડેલા લોકો પેલા બે ફિલ્ડર્સ વચ્ચેથી બોલ ફટકારતા બેટ્સમેન જેવા હોંશિયાર જ કહેવાય ને!'

'ના હોં... પનુભાઈ આ તો અકબર-બીરબલના પેલા પ્રસંગ જેવું થયું. રાજમહેલના 'હોજ' માં બધાને પ્રજાજનોએ રાત્રે એક એક લોટો દૂધ રેડી જવાના ફરમાન પછી, બીજે દિવસે 'હોજ' પાણીથી ભરેલો હતો. અકબરે પૂછતાં બીરબલે જણાવ્યું કે 'જહાંપનાર, દરેકે એમ વિચાર્યું કે બધા દૂધ રેડી જવાના જ છે તો હું એકલો પાણી નાખીશ તો કોને ખબર પડશે ? એમ, કોરોના હજી સાવ ગયો નથી તેવી સ્થિતિમાં ભીડ ભાડવાળી જ્યાએ ન જવાની ચેતવણી છતાં, 'બીજી કોઈ બહાર નીકળવાના નથી, આપણે ફરી આવીએ એમ વિચારીને બધા નીકળી પડ્યા ને ત્યાં જઈ કરી મૂકી ભીડભાડ સમજ્યા.' પછી અમે આ શનિ-રવિ ફરવા જવાનો મનમાં ગોઠવેલો પ્રોગ્રામ મનમાં જ 'કેન્સલ' કરી દીધો!!